# મારી શાળા સાથેના મારા સંસ્મરણો

નમસ્તે મિત્રો,



હું ડૉ. હર્ષિલ ઝવેરી છું. વર્ષ ૨૦૦૯માં ધો.૧૨ પાસ કર્યા પછી શારદામંદિર સાથે મારો સંપર્ક તૂટી ગયો હતો. પછી હું મારું BDS અને MDS ભણવા પણ બહાર રહ્યો હતો એટલે શાળાએ જવાનો મોકો ન્હોતો મળતો અને જીવનની ભાગદોડમાં મેં ડૉક્ટર બન્યા પછી પણ શાળાએ જવાનો પ્રયત્ન ન કર્યો. આ વર્ષે મારા મને કીધું કે હું શાળાની મુલાકાત લઉ તેથી શિક્ષક દિનના દિવસે મેં શાળાની મુલાકાત લીધી. મારા સમયના ઘણા બધા શિક્ષકો નિવૃત્ત થઈ ગયા હતાં. પરંતુ જે શિક્ષકોને હું ઓળખતો હતો એમને મળીને મેં ખૂબ જ આનંદ અને ગર્વની લાગણી અનુભવી કારણકે મારા જીવનના ઘડતરમાં એમનો ફાળો ખૂબ જ અમુલ્ય હતો એ જ બધા બિલ્ડીંગ, ઓફિસ, રમતગમતનું મેદાન, પ્રાર્થના સભા જોઈને મારી જૂની બધી યાદો તાજી થઈ ગઈ.

પછી જ્યારે મારા દવાખાને પી. ડી. પટેલ સાહેબ આવ્યા ત્યારે એમની સેવા કરીને મેં મારી જાતને ધન્ય અનુભવી. જોગાનુજોગ આ વર્ષે હું શારદામંદિરની ભૂમિના સંપર્કમાં આવ્યો અને આ વર્ષે હું બેસ્ટ પેરિડોન્ટિસ્ટ (પેઢાના રોગના સ્પેશિયાલીસ્ટ ડૉક્ટર) ઓફ ધ યર તરીકે નોમિનેટ થયો. એ મારા અને મારા પરિવાર માટે ખૂબ જ ગર્વની પળ હતી પછી મને સુરેશભાઈ સાહેબે શાળાના સંસ્મરણો યાદ કરવા આમંત્રણ આપ્યું.

હું વ્યક્તિગત રીતે કહું તો હું જ્યારે પણ શારદામંદિર શબ્દ સાંભળું ત્યારે મને એક રોમાંચ અને ખુશીનો અનુભવ થઈ જાય છે. હું બાલમંદિરથી બારમા ધોરણ સુધી શારદામંદિરમાં જ ભણ્યો છું. આ વર્ષોમાં મારી જીવનની ઘણી બધી યાદગીરી શાળા જોડે જોડાયેલી છે. અહીં જ મારા ભવિષ્યના સોનેરી સપનાના બીજ રોપાયા છે. મારા માટે મારી શાળાનું મહત્વ એટલા માટે છે કે મારું શિક્ષણ, સંસ્કાર, વ્યક્તિગતનું ઘડતર, કારકિર્દી નક્કી કરવા માટે મારી શાળા અને મારા શિક્ષકોનો સિંહફાળો રહ્યો છે. આજે પણ મને બાલમંદિરથી બારમાં ધોરણ સુધીના મારા બધા જ શિક્ષકોના નામ યાદ છે. એમણે અમને ભણતર સાથે ગણતર પણ શીખવ્યું. જરૂર પડ્યે શિક્ષકોએ લાડ લડાવ્યા અને જરૂર પડ્યે ઠપકો પણ આપતા. આજે કહું તો શાળામાં મેં પણ ઘણી ભૂલો કરી છે. પરંતુ ત્યારે શિક્ષકોએ ઠપકો આપ્યા પછી સાચો રસ્તો કયો છે તેની દિશા પણ બતાવી છે.

હું સાતમા ધોરણમાં હતો ત્યાં સુધી જયશ્રીબેન પ્રિન્સીપાલ હતાં. તેમણે ભણતર સાથે ઈત્તરપ્રવૃત્તિમાં પણ કેળવણી થાય તે માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતાં અને અલગ અલગ સ્પર્ધાઓનું આયોજન કરીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. મેં વ્યક્તિગત રીતે ઘણી બધી સ્પર્ધાઓમાં ભાગ લીધો, ક્યારેક તેમાં નંબર આવતો અને ઘણામાં ન પણ આવ્યો. આજે એ કારણોસર અમે બીજી નાની મોટી ઈત્તરપ્રવૃત્તિમાં નિપૂણ થયા અને તેનો જીવનમાં ફાયદો પણ મળ્યો. મેં નાટકો, વક્તૃત્વ સ્પર્ધામાં પણ ભાગ લીધો. આજે એ કારણોસર હું સ્ટેજ પર ડર વગર બોલી શકું છું અને લેક્ચર આપી શકું છું.

અમને ગણિત, વિજ્ઞાન, કોમ્પ્યુટર તથા બીજા વિષયો ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી, હિન્દી જેવી આપણી ભાષાઓની એટલી સરસ તાલીમ મળી છે કે હું ડૉક્ટર બન્યા પછી પણ આ અંગ્રેજીના દોરમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી ભાષાનું સંતુલન રાખીને મારી ભાષા પરનું મારું પ્રભુત્વ જાળવી રાખી શક્યો છું. આ વાત અત્યારે એટલે કહું છું કે બાળકને એની ક્ષમતા પ્રમાણે કામ કરાવવું એ જ દરેક શિક્ષકનું કર્તવ્ય હોય છે અને મને ગર્વ છે કે મને આવા શિક્ષકો મળ્યા હતાં.

આજે મારા જીવનમાં નજર રાખું તો સારા મિત્રો પણ મને શાળામાંથી જ મળ્યા છે. તેમણે મને સારી-ખરાબ પરિસ્થિતિમાં સાથ આપ્યો અને મને મારી મર્યાદાઓ સાથે સ્વીકાર્યો છે. આવા મિત્રો આપવા બદલ હું શાળાનો હૃદયપુર્વક આભાર માનું છું.

બાળપણમાં બાલમંદિરમાં અમને લીમડાના રસ સાથે પીપરમીટ મળતી, એની ખુશી આજીવન યાદ રહેશે. અમે શિક્ષકદિન, શાળાનો સ્થાપના દિવસ વિગેરેની દર વર્ષે રાહ જોતા. શિક્ષકદિનના દિવસે હું દર વર્ષે શિક્ષક બનતો. સ્થાપના દિવસે પણ અમે બધા વિદ્યાર્થી અને શિક્ષકોના સહકારથી પરેડ કરતા અને બધી તૈયારી કરીને સફળતાપૂર્વક બધુ આયોજન કરતાં. આ બધી ઉજવણીનો રોમાંચ અવર્ણનીય હતો. મારા માટે તો "આવે પેલો બાલરથી" ગીત સૌથી ગમતા ગીતમાનું એક છે અને એ ડ્રમના બીટ્સ આજે પણ યાદ છે.

આમ આવા પ્રેમાળ શિક્ષકો આપવા બદલ, આજીવન સાથ આપનારા મિત્રો આપવા બદલ, મારા જીવનનું ઘડતર કરવા બદલ, મારી કારકિર્દીના ઘડતર સાથે જીવનનો સાચો રસ્તો બતાવવા શિક્ષકો આપવા બદલ હું શારદામંદિર વિનયમંદિરનું ઋણ સ્વીકાર કરું છું અને હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. બધા જ શિક્ષકો અને અધ્યાપકોને મારા નમન.

અત્યારે ભણતા વિદ્યાર્થીઓને એક જ સલાહ આપું છું કે તમને આ શાળામાં ભણવાનો મોકો મળ્યો છે તેનો સારી રીતે લાભ ઉઠાવજો. આ શાળાએ સમાજને કુશળ ડૉક્ટર, એન્જીનીયર, વકીલ, સીએ, બિઝનેસમેન આપ્યા છે. તમે તમારામાં વિશ્વાસ રાખશો તો તમે પણ આગળ નિપૂણ થઈને પ્રતિષ્ઠા મેળવશો અને શારદામંદિરનું નામ રોશન કરશો. આભાર.

**ડૉ. હર્ષિલ ઝવેરી** (MDS) Periodontist & Oral Implantologist (ભૂતપૂર્વ વિદ્યાર્થી)

Dear Past Students : We request you to please submit your Name, Address, Profession, Contact Numbers, Email and the year of passing school, so as to update School's past students' records. Thank You for your cooperation.

**Web Form Link : http://sharadamandir.com/alumni/**